**<u>જાહેર પુસ્તકાલયો ખાતે ૨૩મી એપ્રિલ, ૨૦૨૫ના રોજ 'વિશ્વ પુસ્તક દિન' નિમિત્તે તા.૨૩/૦૪/૨૦૨૫ થી તા.૨૫/૦૪/૨૦૨૫ (દિન–૩) સુ.મ.પા.ની વેબસાઈટ તથા સોશિયલ મીડીયા પર પ્રસિધ્ધ કરવાજોગ ટૂંકી વિગત</u> )**

**આગામી તા.૨૩/૦૪/૨૦૨૫, બુધવારના રોજ 'વિશ્વ પુસ્તક દિન' નિમિત્તે કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય–અઠવાલાઈન્સ, વિવિધલક્ષી વાંચનાલય–અડાજણ, શ્રી અટલબિહારી વાજપેયી લાયબ્રેરી–પાંડેસરા, શ્રી કેશુભાઈ પટેલ લાઈબ્રેરી–વરાછા અને શ્રી છત્રપતિ શિવાજી મહારાજજી પુસ્તકાલય–લિંબાયત ખાતે સુરત શહેરના પુસ્તક પ્રેમી દાતાઓ તરફથી ભેટમાં મળેલ પુસ્તકો પર્યાવરણ સુરક્ષા સુત્ર** 5R (Refuse, Reduce, Reuse, Reproduce and Recycle) **પૈકીના ત્રીજા** Reuse**ના કોન્સેપ્ટ થકી વધુને વધુ વાચકો સુધી પહોંચે તેવા શુભાશયથી 'વાંચો અને વંચાવો' યોજના અંતર્ગત તા.૨૩/૦૪/૨૦૨૫ થી તા.૨૫/૦૪/૨૦૨૫ (દિન–૩) દરમ્યાન વહેલા તે પહેલાના ધોરણે પુસ્તકોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. ઉકત યોજનાનો સુરત શહેરના નાગરિકો વધુમાં વધુ લાભ લે તેવી સુરત મહાનગર પાલિકા ધ્વારા નગરજનોને અપીલ કરવામાં આવે છે.**